## પ્રેસનોટ – તા.૧૭/૧૦/૨૦૨૨

## લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની બોટલો સાથે એક ઇસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

ગઇ કાલ તા.૧૬/૧૦/૨૦૨૨ ના લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઇટ પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, લાઠી તાલુકાના મતીરાળા ગામે, દુધાળા જવાના માર્ગ તરીકે ઓળખાતી સીમમાં વાડીની ઓરડીમાં એક ઇસમ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે, તેવી ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી.ટીમે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સાથે ઝડપી લઇ, પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ **લાઠી પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

### ➪ પકડાયેલ આરોપીઃ-

જુવાનસીંહ નાનકુ ભુરીયા, ઉ.વ.૩૭, મુળ રહે.કીલાના ગામ, સામજીયા ફળીયા, તા.ભાભરા, જિ.અલ્લીરાજપુર (મધ્યપ્રદેશ) રહે. હાલ મતીરાળ ગામની સીમ, રવજીભાઇ નાગજીભાઇ વામજાની વાડીએ, તા.લાઠી, જિ.અમરેલી.

### ➪ પકડાયેલ મુદ્દામાલઃ-

ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ-૨૦ કુલ કિં.રૂ.૮,૮૬૦/- નો મુદ્દામાલ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૧૮/૧૦/૨૦૨૨</u>**

**<u>જાફરાબાદના બંદર ચોક વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર ઇસમને પકડી પાડી, ૧૦૦ ટકા મુદ્દામાલ રીકવર કરતી અમરેલી એલ.સી.બી.</u>**

➪ **<u>ગુન્હાની વિગતઃ-</u>**

જાફરાબાદ ટાઉનમાં બંદર ચોક વિસ્તારમાં આવેલ ચામુંડા એન્જિનિયરિંગ નામની દુકાનમાં ગઇ તા.૨૮/૦૯/૨૦૨૨ ના ક.૨૦/૦૦ થી તા.૩૦/૦૯/૨૦૨૨ નાં કલાક ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઇસમે દુકાનની બારી તોડી અંદરથી થ્રી-ફેજ મોટર નંગ-૦૧ કિ.રૂ.૪,૦૦૦/- તથા સ્ટીલની શાફટીંગ નંગ-૦૨ કિ.રૂ.૧૪,૦૦૦ તથા લોખંડની શાફટીંગ નંગ-૦૧ કિ.રૂ.૩,૦૦૦/- તથા સ્ટીલના સર્કલ નંગ-૦૨ કિ.રૂ.૩,૦૦૦/-કુલ કિ.રૂ.૨૪,૦૦૦/-નો સામાન ચોરી કરી લઇ જઇ ગુન્હો કરેલ હોય જે અંગે ચંદ્રેશભાઇ શામજીભાઇ પરમાર, ઉવ.૩૭, ધંધો.વેલ્ડીંગકામ, રહે.રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી વાળા ફરીયાદ જાહેર કરતા **જાફરાબાદ ટાઉન પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૨૦૬૧૨/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦** મુજબ ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** દ્વારા અમરેલી જિલ્લામાં બનેલ મિલકત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડી, ફરિયાદીની ગયેલ મિલકત તેમને પાછી મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ઉપરોક્ત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ કરવા અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ જાફરાબાદ વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે એક ઇસમને ઉપરોક્ત ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા **જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➪ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

અસ્લમ સલીમભાઇ મુગલ, ઉ.વ.૨૭, રહે.જાફરાબાદ, તુર્કી મહોલ્લા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➪ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

થ્રી-ફેજ મોટર નંગ-૦૧ કિ.રૂ.૪,૦૦૦/- તથા સ્ટીલની શાફટીંગ નંગ-૦૨ કિ.રૂ.૧૪,૦૦૦ તથા લોખંડની શાફટીંગ નંગ-૦૧ કિ.રૂ.૩,૦૦૦/- તથા સ્ટીલના સર્કલ નંગ-૦૨ કિ.રૂ.૩,૦૦૦/-કુલ કિ.રૂ.૨૪,૦૦૦/- **નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસનોટ – તા.૨૦/૧૦/૨૦૨૨</u>**

**<u>અમરેલી શહેર વિસ્તારમાંથી ગેરકાયદેસર માદક પદાર્થ હેરોઇન, અફીણ, તથા પોષ ડોડાના જથ્થા સાથે બે રાજસ્થાનનાં પરપપ્રાંતિય ઈસમોને કુલ કિ.રૂા.૨,૧૪,૩૯૦/-નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા જરૂરી સુચનાં આપવામાં આવેલ હોય, તથા એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.

જે અનુસંધાને શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, એસ.ટી.ડેપો તરફ જવાના રસ્તે, અમરેલી સીવીલ હોસ્પિટલ, દેવીપુજક વાસ પાસે, બે ઈસમો એક કાળા કલરનાં રેગ્ઝીનનાં થેલામાં ગેરકાયદેસર માદક પદાર્થ લઇ નિકળેલ છે. તેવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું ચોક્કસ બાતમી વર્ણનવાળા બે ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપીઓ :-</u>

(૧) ભૈરારામ ક્રિષ્નારામ ચૌધરી, ઉવ.૩૯,ધંધો-ડ્રાઈવીંગ રહે.શૈશાવા, મુલાણીયા ઈટાવા, તા.શિતલવાના, જિ.જાલોર, રાજ્ય-રાજસ્થાન તથા (૨) પુનમચંદ ટીકારામ ચૌધરી, ઉવ.૩૨, ધંધો-મજુરી, હાલ રહે.સલડી, ભંડેરી ઈન્ડસ્ટ્રીઝ, (કાળુભાઇ ભંડેરી) તા.લીલીયા, જિ.અમરેલી મુળ રહે. શૈશાવા, મુલાણીયા ઈટાવા, તા.શિતલવાના, જિ.જાલોર, રાજ્ય-રાજસ્થાનવાળઓને ઝડપી પાડવામાં આવેલ છે. અને બાકી રહેલ આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતીમાન કરવામાં આવેલ છે.

<u>કબ્જે કરેલ મુદ્દમાલ :-</u>

(૧) માદક પદાર્થ પોષ ડોડા ના ખાલી ખોખાના ટુકડાઓ, ભુક્કો. ૫૦૦ ગ્રામ, કિ.રૂા.૧,૫૦૦/- તથા (૨) માદક પદાર્થ પોષ ડોડાનો પાવડર ૨૩૦ ગ્રામ કિ.રૂા.૬૯૦/- તથા (૩) હેરોઇન ૩૮ ગ્રામ (એક ગ્રામની ૫,૦૦૦ લેખે) કિ.રૂા.૧,૯૦,૦૦૦/- તથા (૪) અફીણ, ૧૦૨ ગ્રામ કિ.રૂા.૧૦,૨૦૦/- તથા (૫) એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૨, ૧૨,૦૦૦/- તથા એક રેગ્ઝીનનો થેલો (બેગ) કિ.રૂા.૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂા.૨,૧૪,૩૯૦/- ના જથ્થા મજકુર બન્ને ઈસમોને વધુ તપાસ અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા બે રાજસ્થાની પરપ્રાંતિય ઈસમોને માદક પદાર્થ હેરોઇન, અફીણના તથા પોષ ડોડા, જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૨૧/૧૦/૨૦૨૨</u>**

## <u>જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી. બુટલેગરની વાડીએથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની કુલ બોટલ નંગ ૪૮૦, કિં.રૂ.૨૧,૬૦૦/- નો પ્રોહી.મુદ્દામાલ પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશન લગત પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

ગઇ કાલ તા.૨૦/૧૦/૨૦૨૨ ના જાફરાબાદ તાલુકા વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. તથા પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે પ્રોહી. બુટલેગર ઇસમ પોતાની વાડીએ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો રાખી વેચાણ કરે છે, તેવી ચોક્કસ બાતમી આધારે એલ.સી.બી.ટીમે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં પ્રોહી. બુટલેગર ઇસમની વાડીએથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવેલ હોય, અને મજકુર પ્રોહી. બુટલેગર ઇસમ હાજર મળી આવેલ ન હોય, મજકુર પ્રોહી. બુટલેગર ઇસમ વિરૂધ્ધ પ્રોહી. ધારા તળે કાર્યવાહી કરી, પકડાયેલ પ્રોહી.મુદ્દામાલ **જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે અને પકડવાના બાકી પ્રોહી બુટલેગર આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**➯ <u>પકડવાનો બાકી પ્રોહી બુટલેગર આરોપીઃ-</u>**

**ભાવેશ ભીમાભાઇ વાઘેલા, રહે.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.**

**➯ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

**ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની ૧૮૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ-૪૮૦, કુલ કિં.રૂ.૨૧,૬૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસનોટ – તા.૨૩/૧૦/૨૦૨૨</u>**

**<u>અમરેલી શહેર વિસ્તારમાંથી ગેરકાયદેસર માદક પદાર્થ હેરોઇન, અફીણ, તથા પોષ ડોડાના જથ્થા સાથે પકડાયેલ રાજસ્થાનનાં પરપપ્રાંતિય નાસતા-ફરતા સહ આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ગુન્હાનાં કામે નાસતા-ફરતા તેમજ જીલ્લા જેલમાંથી પે-રોલ/ફર્લો અને વચગાળાનાં જામીન ઉપથી છુટી ફરાર થયેલ આરોપીઓ અંગે માહિતી મેળવી તેમને પકડી પાડી, જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંઘાને શ્રી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમો વિરૃધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી.ટીમએ ચોક્કસ બાતમી આધારે તથા ટેક્નિકલ સોર્સ મારફતે જામનગર જિલ્લાનાં ફલ્લા ગામેથી અમરેલી જિલ્લાનાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં એન.ડી.પી.એસ. એક્ટનાં ગુન્હાનાં કામે પકડવાનો બાકી રહેલ આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડવામાં સફળતા મળેલ છે.

<u>❖ પકડાયેલ આરોપીઃ-</u>

(૧) હુશેનખાન કમલખાન સમૈજા, ઉ.વ-૪૫, ધંધો-મજુરી, હાલ રહે. ફલ્લા, રાજકોટ-જામનગર હાઇ-વે રોડ ઉપર આવેલ ''જય ગોપાલ'' હોટલની બાજુમાં, તા.જિ.જામનગર. મુળ રહે.ગાગરીયા, મસ્જીદની પાસે, તા.રામસર, જિ.બાડમેર,

મજકુર પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન અમરેલી સીટી પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.ન.૧૧૧૯૩૦૦૩ ૨૨૦૯૨૬/૨૦૨૨ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૧૫(એ), ૧૭(એ), ૨૧(એ), ૨૨(એ), ૨૯ મુજબના ગુનાના કામે પકડાયેલ મુખ્ય આરોપીએ તપાસ દરમિયાન કબુલાત આપેલ કે, મજકુર ઈસમને સદરહું પકડાયેલ માદક પદાર્થ અફીણનો જથ્થો આપવા માટે આવેલ હતો. મજકુર પકડાયેલ આરોપીને વધુ તપાસ અર્થે અમરેલી સીટી પો.સ્ટે., ખાતે સોંપવામાં આવેલ છે. તથા અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રોગતીમાન કરવામાં આવેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ શ્રી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર, તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમને અમરેલી સીટી પો.સ્ટે. નાં એન.ડી.પી.એસ.ગુનાનાં કામે પકડવાનો બાકી આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.